પાલનપુરની કુંવરબા કન્યા વિદ્યાલય પાસેથી બે રોમીયો ઝડપાયા

પાલનપુર, તા. ૨૦

પાલનપુર શહેરમાં આવેલી કુંવરબા કન્યા વિદ્યાલય પાસે દરરોજ અડીંગો જમાવીને બેસતા રોમીયોનો ત્રાસ વધી ગયો હતો. શાળાની વિદ્યાર્થિનીઓ માર્ગ પરથી પસાર થતાં શબ્દોની પજવણી કરતા હોવાની બુમરાડ ઉઠવા પામી હતી. જેથી એન્ટી રોમિયો સ્કોર્ડને થતા તેઓએ શહેરની વિવિધ શાળાઓની આસપાસ ચાંપતી નજર રાખવાની કામગીરી હાથ ધરી હતી. જેમાં કુંવરબા કન્યા વિદ્યાલય પાસેથી બે રોમીયો સોલંકી બિપીન નાનજીભાઈ (ઉ.વ. ૨૩) જગાણા રોડ, પાલનપુર, પંકજકુમાર મોતી સોલંકી ઉ.વ. ૨૨ જગાણારોડ પાલનપુરને પોલીસે ઝડપી પાડી ધરપકડ કરતાં શહેરના રોમીયોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો. શહેરની વિદ્યાલયો, કોલેજોની સાથે સાથે શેરી, ગલ્લાઓ પર બાઈક લઈને અડીંગો જમાવતા રોમીયોથી મહિલાઓ અને યુવતિઓ ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. ત્યારે રોમીયો સ્કોર્ડ શેરી, મહોલ્લામાં પણ જઈને આવા રોમીયોને ઝડપી પાડે તેવી શહેરની મહિલાઓ, યુવતીઓમાં માંગણી ઉઠવા પામી છે.

ખેડબ્રહ્મા તાલુકા ભાજપના હોદ્દેદારોની વરણી કરાઈ

ખેડબ્રહ્મા, તા. ૨૦

સાબરકાંઠા ભાજપ સંગઠન દ્વારા ખેડબ્રહ્મા તાલુકા ભાજપના હોદ્દેદારોની તાજેતરમાં વરણી કરવામાં આવતાં કાર્યકરોએ વધાવી લઈ હોદ્દેદારોને અભિનંદન પાઠવ્યા હતા.

સાબરકાંઠા જિલ્લા ભાજપના પ્રમુખ પૃથ્વીરાજ પટેલ તથા મહામંત્રી જશુભાઈ જે. પટેલની સુચનાથી ખેડબ્રહ્મા તાલુકા ભાજપ સંગઠનના ૧૬ હોદ્દેદારોની વરણી કરવામાં આવી છે. જેમાં તાલુકા ભાજપના પ્રમુખ તરીકે ગુલાબસિંહ યુ. વાઘેલાની અગાઉ વરણી કરાઈ હતી. ત્યાર બાદ છ ઉપ પ્રમુખો, બે મહામંત્રી, છ મંત્રી અને કોષાધ્યક્ષની વરણી કરવામાં આવી છે. જેમાં ઉપપ્રમુખ તરીકે રવીન્દ્રભાઈ એમ. પટેલ ગાડુ કંપો, પ્રકાશભાઈ જી. વ્યાસ -દેલવાડા, સંગીતાબેન ગમાર- આંબામહુડા, રામાભાઈ એસ. તરાર- મોટા બાવળ, શકુબેન એમ તરાર-દોતડ તથા ચંદુભાઈ વી. પટેલ નીચી ધવાલ કંપાનો સમાવેશ થાય ચે જયારે બે મહામંત્રીઓમાં સુરેશભાઈ પી. પટેલ રૂદ્રમાળા તથા શંકરભાઈ એસ. બેગડીયા નાહાની નિમણુંક કરવામાં આવી છે. આ ઉપરાંત કોષાધ્યક્ષ તરીકે લીલાચંદ જી. પંચાલ પોશીનાને જવાબદાર સોંપવામાં આવી છે. અને મહેશભાઈ ટી. પટેલ ઉચીધવાલ સહીત અન્ય પાંચ મંત્રીઓની પણ વરણી કરવામાં આવી છે.

ભારત-પાકિસ્તાનનો શાંતિ સંદેશો લઈ નિકળેલી સાયકલયાત્રા પાલનપુર પહોંચી

પાલનપુર, તા. ૨૦

ભારત અને પાકિસ્તાનના સંબંધો હંમેશા તંગ રહ્યા છે. જ્યારે બંને દેશના સંબંધો સુધારવા માટે અથાગ પ્રયત્નો થઈ રહ્યા છે ત્યારે દિલ્હી વિશ્વ વિદ્યાલયના કેટલાક વિદ્યાર્થીઓ ભારત અને પાકિસ્તાન વચ્ચે સંબંધો સુધરે તે હેતુથી ૧ જૂનના રોજ કન્યાકુમારીથી સાયકલયાત્રા લઈને નીકળ્યા છે. પાકિસ્તાનના ઈસ્લામાબાદ જવા માટે નિકળેલ વિદ્યાર્થીઓ કર્ણાટક, મહારાષ્ટ્ર થઈ ગુજરાતમાં આવ્યા છે. આ સાયકલવીરો ગતરોજ પાલનપુરના મહેમાન બન્યા હતા. તે વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે રોજની ૭૦ થી ૮૦ કિલોમીટર સાયકલ ચલાવીએ છીએ. સાથે સાથે સહી ઝુંબેશ પણ ચલાવી રહ્યાં છે. એક કરોડ જેટલી સહીઓ કરીને શાંતિનો સંદેશો ભારત અને પાકિસ્તાનના લોકોને આપવામાં આવશે.

પાલનપુર ખાતે ડ્રાઈવીંગ લાયસન્સની ઓનલાઈન વેબસાઈટનું લોન્ચીંગ કરાયું

પાલનપુર, તા. ૨૦ બાનાસકાંઠા જિલ્લાવાસીઓ હવે કાચા લાયસન્સ મેળવવા માટે ઓનલાઈન અરજી કરી શકશે.

પાલનપુર આરટીઓ કચેરી ખાતે આરોગ્ય અને પરિવાર કલ્યાણ તથા વાહન વ્યવહાર રાજ્યમંત્રી પરબતભાઈ પટેલે કાચા લાયસન્સની ઓનલાઈન વેબસાઈટનું લોન્ચીંગ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મંત્રી પરબતભાઈ પટેલે જણાવ્યું હતું કે બનાસકાંઠા જિલ્લાના નાગરિકો નવુ લર્નિંગ લાયસન્સ મેલવવા હવે ઓનલાઈન અરજી કરી શકશે. લાયસન્સ માટે અરજી ગમે તે સ્થળથી કરી શકાશે. તેના માટે ઈન્ટરનેટ સુદિવા હોવી જરૂરી છે. નાગરિકો ડ્રાઈવીંગ લાયસન્સની પરીક્ષા માટે આરટીઓ કચેરીએ પુછવા આવવાની જરૂર નથી. અરજદાર પોતાની અનુકુળતા મુજબ તારીખ અને સમય નક્કી કરી અરજી પત્રકમાં જણાવી શકશે. તે મુજબ આરટીઓ કચેરી દ્વારા પરીક્ષાનો સમય ફાળવવામાં આવશે અને ઓન લાઈન અરજીની સીસ્ટમથી લોકોનો સમય અને ખર્ચ બચશે. તથા ઝડપી લાયસન્સ મળશે તેમ આ સીસ્ટમ તા. ૨૨ જુલાઈથી શરૂ થશે.

પાલનપુર શહેરમાંથી પોલીસે ૬૦ પેટી વિદેશી દારૂ ઝડપી પાડયો

પાલનપુર, તા.૨૦

પાલનપુર શહેરના માનસરોવરથી ચેક પોસ્ટ જવાના માર્ગ પર આવેલા ધાર્મિક સ્થળે શહેરનો નામચીન બુટલેગર છલીયો ઉર્ફે રણછોડ કેશાજી સલાટને ત્યાં શહેર પૂર્વ અને પશ્ચિમ પોલીસે સંયુકત ઓપરેશન કરી રેડ કરતાં તેની પાસેથી વિવિધ બ્રાન્ડની વિદેશી દારૂની ૬૦ પેટી ઝડપી પાડી હતી. રેડ દરમિયાન બુટલેગર ફરાર થઈ ગયો હતો. પોલીસે રૂ. ૨,૧૫,૫૦૦નો મુદ્દામાલ કબ્જે લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. અચાનક શહેરના નામચીન બુટલેગરના ત્યાં રેડ પાડતા શહેરના અન્ય નાના બુટલેગરોમાં ભય ફેલાઈ જવા પામ્યો હતો.

ઉમરેઠ બાર એસોસીએશનના હોદ્દેદારો નિમાયા

ઉમરેઠ, તા. ૨૦

ઉમરેઠ બાર એસોસીએશનની તાજેતરમાં મળેલી બેઠકમાં સર્વાનુમતે ૨૦૧૩-૧૪ના વર્ષના હોદ્દેદારોની વરણી કરવામાં આવી છે.

નવા વરાયેલા હોદ્દેદારોમાં પ્રમુખ તરીકે પ્રફુલભાઈ સુતરીયા, ઉપપ્રમુખ તરીકે ઝેડ. એસ. પઠાણ, મંત્રી તરીકે પી.એલ. મહીડા, સહમંત્રી તરીકે દિલીપસિંહ ચૌહાણની વરણી કરવામાં આવતા સર્વે સ્નેહીજનોએ અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી હતી.

હિંમતનગરમાં ગેસ લીકેજ થતા નાસભાગ મચી

હિંમતનગર, તા.૨૦

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર શહેરના મોતીપુરા વિસ્તારમાં આવેલ એવન સોસાયટીમાં ગટરની પાઈપ લાઈન માટેનું ખોદકામ ચાલી રહ્યું હતું. દરમિયાન શનિવારે બપોરે ૧૨ વાગ્યાના સુમારે અચાનક સોસાયટીના મકાન નંબર ૧૮ સામે ખોદકામ સમયે ગેસ પાઈપ કપાઈ જતા લીકેજ થઈ હતી જેના કારણે ધૂળની ડમરીઓ ઉડવા માંડી હતી અને આજુબાજુના રહીશો નાસભાગ કરવા લાગ્યા હતા. આ ઘટના અંગે તાત્કાલિક હિંમતનગર નગરપાલિકાના ફાયર વિભાગને જાણ કરાતા તાત્કાલિક ફાયર વિભાગ સ્થળ પર પહોંચી ગયો હતો અને લીકેજને કપડા વડે બંધ કર્યા બાદ સાબરમતી ગેસ કંપનીને જાણ કરી હતી જેથી કંપનીના સ્ટાફે આવીને લીકેજ બંધ કરી દીધું હતું.

પાલનપુરમાં સરદાર ક્રાંતિ સેના દ્વારા જનજાગૃતિ અને સહી ઝુંબેશ યોજાઈ

પાલનપુર, તા. ૨૦

બનાસકાંઠા જિલ્લાના તમામ શહેરો અને ગામડાઓ વિકાસથી વંચિત ન રહી જાય તે હેતુથી પ્રજા વિકાસના કાર્યો સાથે કદમ મીલાવવા અને પ્રજાના પ્રશ્નોને વાચા મળે તે માટે સરદાર પટેલના ચીંધેલા માર્ગે કાર્ય કરવા સરદાર ક્રાંતિ સેનાની સ્થાપના કરવામાં આવી છે.

આ સંસ્થા દ્વારા પાલનપુરના ગુરૂનાનક ચોક વિસ્તારમાં જન જાગૃતિ અભિયાન અને સહી ઝુંબેશ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. સરદાર ક્રાંતિ સેનાના અધ્યક્ષ ગીરીશભાઈ, વેપારી અગ્રણી શિવરામભાઈ તેમજ પૂર્વ ધારાસભ્ય કાંતિભાઈ કચોરીયા સહિત શહેરના વિવિધ સંસ્થાઓના આગેવાનો હાજર રહ્યા હતા.

હિંમતનગરમાંથી કતલખાને લઈ જવાતા ૯ પશુઓને બચાવ્યા

હિંમતનગર, તા.૨૦

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાં શનિવારે સવારે ગૌરક્ષકોએ કતલખાને જઈ રહેલ ત્રણ વાહનોને પકડી પાડી તેમાંથી ૯ પશુઓને બચાવ્યા હતા. પોલીસે ત્રણ ઈસમો વિરુદ્ધ હિંમતનગર ટાઉન પોલીસ મથકે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

વિગત મુજબ શનિવારે સવારે બાતમી આધારે શહેરના મોતીપુરા વિસ્તારમાં તુલસી કોમ્પ્લેક્ષ આગળ ગૌરક્ષકો બાતમી આધારે વોચ કરી રહ્યા હતા ત્યારે બાતમીવાળા ત્રણ જીપડાલા નંબર જીજે. ૯.કેબી. ૦૫૯૪, જીજે.૯ વાય. ૮૪૪૯, જીજે.૯જેડ. ૮૩૭૨ને પકડી પાડયા હતા અને તેમાં તપાસ કરતા ભેંસો નંગ ૯ મળી આવી હતી. જેથી ત્રણે જીપડાલાને હિંમતનગર ટાઉન પોલીસ મથકે લઈ ગયા હતા. જયાં પોલીસે ૯ પશુઓને ઈડર પાંજરાપોળમાં મોકલી આપ્યા હતા અને ત્રણ વાહનો કબજે લઈને મોડાસાના ચાંદ ટેકરી હનીફ અલ્તાફ મુલતાની, સલીમ બશીર મુલતાની અને તલોદ તાલુકાના રોઝડ ગામના દીપસિંહ બાલુસિંહ મકવાણા ત્રણે વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાંતિજમાંથી ચાર જુગારીયાઓ ઝડપાયા

પોલીસે ૧૬૫૦૦નો મુદ્દામાલ કબજે કરી કાર્યવાહી હાથ ધરી

પ્રાંતિજ, તા. ૨૦

અમદાવાદ-હિંમતનગર નેશનલ હાઈવે પર પ્રાંતિજ નજીક આવેલી એક કંપનીમાં મોડી સાંજે ખુલ્લેઆમ બિન્દાસપણે પાના-પત્તાનો જુગાર રમતા ચાર જુગારીયાઓને પ્રાંતિજ પોલીસે રંગે હાથ પકડી પાડ્યા હતા અને તેમની પાસેથી જુગાર સાહિત્ય સાથે કુલ રૂ. ૧૬,૫૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

પ્રાત માહિતી અનુસાર અમદાવાદ-હિંમતનગર નેશનલ હાઈવે પર આવેલ એક ખાનગી કંપનીમાં ખુલ્લેઆમ કેટલાક જુગાર રસીયાઓ પાના-પત્તાનો જુગાર રમી રહ્યા હોવાની જાણ પ્રાંતિજ પોલીસને થતા પોલીસે તાત્કાલિક ઘટનાસ્થળે દરોડો પાડ્યો હતો અને પાના પત્તાનો જુગાર રમતા ચાર જુગારીયાઓને પકડી પાડ્યા હતા અને તેમની પાસેથી જુગાર સાહિત્ય સહિત કુલ રૂ. ૧૬,૫૦૦નો મુદ્દામાલ પોલીસે કબજે કર્યો હતો અને તમામ આરોપીઓ વિરૂદ્ધ પોલીસે જુગારધારાની કલમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પાલનપુરના શૈક્ષણિક સંકુલોને બાકી કરવેરો ભરવા હાઈકોર્ટનો આદેશ

પાલનપુર, તા. ૨૦

રાજ્યભરમાં કરવેરો ભરવામાં લોકો ઠાગાઠૈયા કરે છે. બનાસકાંઠામાં પણ આવા લોકોની કમી નથી. પાલનપુરની શૈક્ષણિક સંસ્થાઓએ છેલ્લા ૧૭ થી ૧૮ વર્ષથી કરવેરાની રકમ ભરપાઈ ન કરતા આ મામલો હાઈકોર્ટ સુધી પહોંચ્યો હતો. કરવેરાની ચૂકવમી નહી કરનાર સંસ્થાઓને નામદાર હાઈકોર્ટ ચૂકવમીનો આદેશ કરતાં બાકીદારોમાં ફફડાટ ફેલાયો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર બનાસકાંઠાની આઠ જેટલી શૈક્ષણિક સંસ્થાઓ જે ડીસ્ટ્રીક કેળવણી મંડળ સંચાલીત છે. શાળામાં ફી નું ધોરણ પણ છે. તેમજ આધુનિક સુવિધાઓ પણ ઉપલબ્ધ કરેલી છે. તેમ છતાં આવી શૈક્ષણિક સંકુલોને પાલિકા દ્વારા અનેકવાર નોટીસો આપવામાં આવી હોવા છતાં બાકીવેરો ભરપાઈ કરતા ન હતા. જે થી આ મામલો હાઈકોર્ટમાં પહોંચી જવા પામ્યો હતો. બનાસકાંઠા ડીસ્ટ્રીક કેળવણી મંડળ સંચાલિત શહેરમાં જુદી જુદી જગ્યાએ આવેલ છે. આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ પાલનપુર, સી.એલ. પરીખ કોમર્સ કોલેજ, પાલનપુર, કોલેજ લેબોરેટરી, બી.કે. મર્કેન્ટાઈલ લૉ કોલેજ પાલનપુર, આઈ.પી. સેન્ટર બી.સી.એ. કોલેજ, હોસ્ટેલ સહિતના વેરા વર્ષ ૧૯૯૬ થી આજદિન સુધીનો અંદાજે રૂ. ૨૪ લાખ ૭૫ હજાર ૬૩૮ રૂપિયાનો કરવેરો પાલિકાનો બાકી હોવાથી તંત્રએ વારંવાર નોટીસો પાઠવી હતી. છતાં પણ વેરાની ભરપાઈ કરવામાં આવ્યો ન હતો અને બનાસકાંઠા ડિસ્ટ્રીક કેળવણી મંડળ દ્વારા શૈક્ષણિક સંકુલો માટે કરવેરો માફી અંગે કાયદાકીય લડત આરંભી હતી. જેમાં હાઈકોર્ટની ડબલ બેચમાં કેસ ચાલી જતા કોર્ટે કરવેરા માફી માટેની પીટીશન રદ કરી તમામ કરવેરા ભરપાઈ કરવા આદેશ કર્યો હોવાનું પાલિકાના ચીફ ઓફઈસર યુ.ડી. સિંધાએ જણાવ્યું હતું.

દેવસંસ્કૃતિ વિશ્વ વિદ્યાલય હરિદ્વાર દ્વારા બનાસકાંઠા જિલ્લાની શાળા કોલેજોમાં જ્ઞાનસત્રના કાર્યક્રમો સંપન્ન

બનાસકાંઠા, તા. ૨૦

બનાસકાંઠા જિલ્લામાં વિશ્વ વિદ્યાલયની પાંચ વિદ્યાર્થિનીઓ દ્વારા ગત તા. ૨૨-૬-૧૩થી ૧૬-૭-૧૩ સુધીમાં જુદી જુદી શાળાઓ અને કોલેજમાં જ્ઞાનસત્રના કાર્યક્રમો સંપન્ન થયા. તા. ૨૨-૬-૧૩થી ૧૬-૭-૧૩ સુધી સતત બનાસકાંઠા જિલ્લાના તાલુકાઓ જેવા કે પાલનપુર, વડગામ, રાધનપુર, શિહોરી, થરાદ અને ડીસામાં થઈને લગભગ-૫૦ શાળાઓ અને કોલેજમાં વિશ્વ વિદ્યાલયની વિદ્યાર્થિનીઓ દ્વારા ઉદ્‌બોધન ગોઠવવામાં આવ્યું જેમાં તેઓએ યોગ-પ્રાણાયામ, ધ્યાન, મનની એકાગ્રતા અને જીવન જીવવાની કળા ઉપર પ્રાયોગિક અને સૈદ્ધાંતિક માર્ગદર્શન પુરૂ પાડ્યું. લગભગ ૨૫૦૦૦ કરતા વધુ બાળકો અને ૩૦૦ થી વધારે શિક્ષકો અને પ્રોફેસરોએ હોંશે હોંશે લાભ ઉઠાવ્યો હતો. આ ઉપરાંત ઉપરોક્ત દર્શાવેલ તાલુકાઓના અલગ-અલગ વિસ્તારોમાં ૨૪ દિપયજ્ઞોના માધ્યમથી જાહેર જનતાએ પણ લાભ ઉઠાવ્યો. પાલનપુર ગાયત્રી શક્તિપીઠમાં સવારે ધ્યાન, યોગ, પ્રાણાયામના કાર્યક્રમમાં લગભગ ૧૦૦ જેટલા ભાઈ-બહેનોએ લાભ ઉઠાવ્યો તેમજ ઉત્તરાખંડમાં આવેલ કુદરતી પ્રકોપના સંદર્ભે શાંતિપાઠ ગોઠવવામાં આવ્યા અને યુવા ગોષ્ટિ, મહિલા ઉત્તરાખંડમાં આવેલ કુદરતી પ્રકોપના સંદર્ભેશાંતિપાઠ ગોઠવવામાં આવ્યા અને યુવા ગોષ્ટિ, મહિલા ગોષ્ટિ, દ્વારા સમાજ અને રાષ્ટ્ર માટે સમય ફાળવવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા.

બાળકોના નૈતિક શિક્ષાના મૂલ્યોની વૃદ્ધિ થાય, ભારતીય સંસ્કૃતિનો પૂરો ઈતિહાસ મળી રહે તે માટે ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા છેલ્લા ૧૨ વર્ષથી બનાસકાંઠા જિલ્લામાં લેવાઈ રહી છે. ચાલુ વર્ષેપણ દરેક શાળાઓમાં તેમાટેના ફોર્મ મોકલી આપવામાં આવ્યા છે. ૧૫ ઓગષ્ટ સુધીમાં શાળાઓએ પોતાના બાળકોના નામ નોંધી ફોર્મ તાલુકાની જે તે શક્તિપીઠના કેન્દ્રોમાં મોકલી આપવા.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર

કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of

Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz

and a wide range of vivid pattern with extinguish combinations.

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ઉત્તર ગુજરાતના બજાર ભાવો

પાટણ

જીરુ	૧૯૦૦	૨૬૮૦
વરીયાળી	૭૫૦	૧૦૫૮
જુવાર	૨૭૦	૩૫૧
એરંડા	૬૭૫	૭૧૫
ઘઉં	૨૯૦	૩૫૮
બાજરી	૨૫૮	૨૭૩
બંટી	૩૦૦	-
ગવાર	૯૫૦	૧૧૮૬

વિજાપુર

વરિયાળી	૧૧૫૩	૧૨૫૧
એરંડા	૬૮૦	૭૦૧
બાજરી	૨૪૦	૨૭૮
ઘઉં	૨૫૫	૨૭૦
જુવાર	૩૩૦	૩૪૭
ગવાર	૧૧૦૦	૧૩૦૩

ફૂકરવાડા

એરંડા	૬૮૫	૭૦૫
બાજરી	૨૩૦	૩૧૯
ઘઉં	૩૦૦	૩૪૦
જુવાર	૨૦૦	૩૩૮
ગવાર	૧૨૪૦	૧૨૬૧
રાજગરો	૯૦૦	-

ધનસુરા

એરંડા	૬૮૦	૬૯૫
બાજરી	૨૪૦	૨૬૦
મકાઈ	૨૬૦	૩૦૫
ઘઉ	૩૧૦	૩૫૦
ગવાર	૧૦૦૦	૧૩૦૦

તલોદ

મગફળી	૫૫૧	૯૧૦
એરંડા	૬૫૮	૭૧૧
ઘઉ	૩૦૮	૩૫૩
બાજરી	૨૨૦	૨૯૫
ગવાર	૧૦૭૦	૧૨૭૮
જુવાર	૩૫૦	૩૯૪

દહેગામ

બાજરી	૨૧૧	૨૮૫
ઘઉં	૩૧૧	૩૨૬
ડાંગર	૨૮૫	૨૯૫
એરંડા	૬૯૩	૬૯૬
ગવાર	૧૨૩૦	૧૨૬૫
મકાઈ	૨૪૦	૩૦૦
તુવેર	૫૩૦	૬૭૫
જુવાર	૩૨૧	૩૭૯
રાયડો	૫૨૦	૫૬૦

રખિયાલ

બાજરી	૨૭૫	૨૮૦
ઘઉં	૩૧૦	૩૨૫
ડાંગર	૨૮૦	૨૯૦
એરંડા	૬૯૦	૬૯૫
ગવાર	૧૨૨૫	૧૨૬૦
મકાઈ	૨૩૦	૨૭૦
તુવેર	૫૨૫	૬૬૦
જુવાર	૩૨૦	૩૭૫
રાયડો	૫૨૫	૫૮૦

શિદ્ધપુર

રાયડો	૫૮૬	૬૧૫
એરંડા	૬૭૦	૭૧૩
ગવાર	૧૦૦૦	૧૨૭૫
ઘઉં	૨૭૫	૩૮૩
બાજરી	૧૫૦	૨૭૫
જુવાર	૩૦૦	૬૫૦

ઉંઝા

જીરૂ	૨૦૨૫	૨૭૩૫
વરીયાળી	૮૫૦	૧૯૧૬
ઈ.ગુલ	૧૧૦૧	૧૩૧૫
રાયડો	૪૮૧	૪૮૭
તલ	૧૯૨૫	૨૨૦૦
સરસવ	૫૫૫	-

કડી

ઘઉ	૩૦૦	૩૬૬
બાજરી	૨૬૬	૩૯૧
ગવાર	૧૧૧૯	૧૩૦૦
એરંડા	૬૯૦	૬૯૭
ચણા	૫૭૬	-
બંટી	૩૬૭	-

મહેસાણા

ઘઉં	૨૬૦	૩૫૧
બાજરી	૨૦૫	૨૮૫
એરંડા	૬૭૭	૭૦૦
ગવાર	૧૦૫૭	૧૨૩૬
જીરૂ	૨૦૬૦	૨૫૭૧
રાયડો	૫૭૮	૬૦૩
અજમો	૪૪૦	૧૨૫૧
મેથી	૫૨૫	-
રજકો	૧૮૪૭	૨૭૦૫

માણસા

રાયડો	૫૯૦	૫૯૫
એરંડા	૬૭૦	૭૧૨
ગવાર	૧૦૫૧	૧૩૨૧
ઘઉં	૩૦૩	૩૪૬
બાજરી	૨૨૦	૨૯૦
જુવાર	૨૫૦	૪૬૫
શણ	૬૭૧	-

મોડાસા

મગફળી	૫૫૦	૬૫૫
એરંડા	૬૮૦	૭૦૦
બાજરી	૨૩૫	૨૭૮
ઘઉં	૩૦૫	૩૩૮
ગવાર	૧૧૦૦	૧૨૬૫
મકાઈ	૨૭૦	૨૯૦
મગ	૫૫૦	૬૭૬

ઢારીજ

રાયડો	૬૦૦	૬૧૭
એરંડા	૬૭૦	૭૦૨
બાજરી	૨૧૯	૨૬૦
ઘઉં	૨૯૦	૩૬૮
ગવાર	૧૦૮૦	૧૨૭૦
ચણા	૫૬૦	૬૧૦
જીરુ	૨૨૦૦	૨૮૦૦
સવા	૬૩૦	૬૮૦

બાવળા

ઘઉં	૩૧૮	૩૪૧
ઘઉં	૩૨૪	૩૪૭
એરંડા	૬૮૯	૬૯૨
મેથી	૫૫૨	-

વિસનગર

ઘઉં	૨૯૦	૩૪૫
બાજરી	૧૮૦	૩૦૦
જુવાર	૧૮૦	૫૦૦
ગવાર	૧૦૦૦	૧૨૯૮
રાયડો	૫૬૫	૬૧૧
રજકો	૧૧૦૦	૨૬૫૦
એરંડા	૬૮૫	૭૦૯
મેથી	૫૦૦	૫૩૭

સલાલ

મગફળી	૭૨૫	૮૫૫
ઘઉં	૩૦૫	૩૩૦
બાજરી	૨૩૦	૨૬૦
ડાંગર	૨૯૦	૩૧૫
એરંડા	૬૬૫	૬૭૫

પ્રાંતિજ

એરંડા	૬૭૦	૬૮૫
ઘઉં	૩૦૦	૩૪૦
બાજરી	૨૩૦	૨૭૦
ડાંગર	૨૯૦	૩૧૬

આંબલિયાસણ

ઘઉ	૨૯૯	૩૫૮
બાજરી	૨૩૦	૨૭૦
એરંડા	૬૯૨	૬૯૭
રાયડો	૫૮૬	૫૮૯
ગવાર	૧૨૫૬	૧૨૬૦
જુવાર	૩૧૩	૩૮૬

જોટાણા

ઘઉં	૩૦૦	૩૧૭
એરંડા	૬૮૫	૬૯૭
ગવાર	૧૨૩૭	૧૨૮૬
રાયડો	૫૯૬	-

ખેડબ્રહ્મા

ઘઉં	૩૦૫	૩૨૦
ઘઉં	૩૨૦	૩૬૦
મકાઈ	૨૮૧	૨૯૧
મગ	૭૦૦	૯૦૦
એરંડા	૬૮૫	૬૯૨

ગોઝારીયા

રાયડો	૫૮૦	-
એરંડા	૬૮૭	૭૦૬
બાજરી	૨૦૦	૨૮૯
ઘઉં	૩૦૦	૩૨૭
ગવાર	૧૨૬૫	-
જુવાર	૩૦૦	૩૫૩

દીંટોદ

મગફળી	૭૦૦	૮૫૦
ઘઉં	૩૦૦	૩૧૫
મકાઈ	૨૭૦	૩૦૫

બાયડ

બાજરી	૨૩૦	૨૭૦
મકાઈ	૨૭૦	૨૮૦
ઘઉં	૨૯૦	૩૧૫
એરંડા	૬૬૦	૬૭૫
ગવાર	૧૦૦૦	૧૨૨૫

સાણંદ

ઘઉં	૩૦૨	૩૪૨
ડાંગર ગુજ.	૨૯૦	-
મગ	૯૪૧	-
એરંડા	૬૭૦	૬૭૯
જીરૂ	૧૯૫૦	૨૬૦૦